નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫
વીટીસી મોડેલ યોજનાની વોકેશનલ ટ્રેનીંગ
સેન્ટરની સીપેટ બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૧૩-ન.બા.૫૮-ધ

સચિવાલય, ગાંધીનગર.

તા. 6 AUG 2014

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૮/૧૦/૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ નશચ/૨૦૦૯/૧૬૯૭/ધ

(૨) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૨/૧૦/૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃ નશગ/ ૧૦૨૦૦૯ /ન.બા ૧/ધ

(૩) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૯/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ નશઅ/૧૦૨૦૧૨/ન.બા.૧/સી.ધ

(૪) ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ)નો તા.૧૬/૦૫/૨૦૧૪નો પત્ર ક્રમાંકઃ VKY/2013/1774/D SAG

## આમુખ :-

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ સમાજના સશક્તિકરણ માટે તેમની ક્ષમતાની વૃધ્ધિ માટે અને તેમના દ્વારા તેમના માટે વિકાસના નવા અવસરો પ્રાપ્ત થાય તેવી વ્યુહાત્મક નીતિ સાથે આદિજાતિઓના શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષના કાર્યક્રમોના ગુણાત્મક સુધારા અને પરિણામલક્ષી યોજનાના અમલીકરણના ભાગરૂપે વનબંધુ કલ્યાણ યોજના અમલમાં આવેલ છે. આદિજાતિ વિસ્તારના યુવક/યુવતીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત રોજગારલક્ષી તાલીમ આપી બજારની માંગ મુજબ કૌશલ્ય પ્રાપ્ત કરાવી રોજગારી મેળવવામાં મદદરૂપ થવા અને આદિવાસી સમાજના ઉત્કર્ષ અને રાજ્યના સમતોલ વિકાસ માટે કૌશલ્ય વર્ધક તાલીમની યોજના અમલમાં આવેલ છે.

## ઠરાવ :-

ઉપર્યુકત યોજના અંતર્ગત પી.પી.પી. મોડેલ વી.ટી.સી. યોજના હેઠળ ભારત સરકારના સહયોગથી ચાલતી સીપેટ (સી.આઇ.પી.ઇ.ટી.) સંસ્થા દ્વારા આદિજાતિના યુવાનોને પ્લાસ્ટીક એન્જીનીયરીંગની ટ્રેનીંગ આપવા અંગેની રૂ.૧૪૦.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા માટે વંચાણે લીધા ક્રમાંક: (૪)થી મળેલ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચેની શરતોને આધીન દરખાસ્તને વહિવટી મંજુરી આપવામાં આવે છે.

## શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાથી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) ભારત સરકાર તરફથી મળવાપાત્ર થતી ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૬ આયોજન (ટી.એ.એસ.પી.), મુખ્ય સદર-૨૨૨૫ અનુ.જાતિ, અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૨ અનુ.આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૭૯૬-આદિવાસી વિસ્તાર પેટા યોજના, પેટા સદર-(૯૯) બીસીકે-૩૦૫ પીપીપી મોડેલ વીટીસી હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તારીખ.૧૯/૦૬/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે. પટેલ)

સંયુકત સચિવ

આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર ૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.